| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રજુ તારીખ :– | | | | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ :– | | | | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ :– | | | | ૧૪/૦૮/૨૦૨૬ | | |
| અવધી | ૦૦ | વર્ષ | ૦૨ | માસ | ૦૪ | દિવસ |

**ગીર ગઢડાના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ. ગીરગઢડા**

રે.દિ.મુ.નં. ૫૬/૨૦૨૬

આંકઃ

વાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

વિરુધ્ધ.

પ્રતિવાદીઃ– મનસુખભાઇ ગોવીંદભાઇ પીચડીયા,
રે.કોદીયા, તા. ગીરગઢડા, જિ.ગીરસોમનાથ

---

**દાવો :– પાવર ચોરીના બીલના રૂ.૪૦,૫૮૧.૮૫ વસુલ મેળવવા માટે.**

---

વાદી તરફે એડવોકેટ શ્રી જે.એન.ભટ્ટ
પ્રતિવાદી તરફે એકસ પાર્ટી.

---

**–:: જજમેન્ટ ::–**

**(૧) વાદીનો કેસ :–**

વાદી ના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ (એ) કંપની ધારા તથા વીજ અધીનીયમ અન્વયે કાર્યરત કંપની છે અને તેની સબ ડીવીઝન કચેરી, ગીરગઢડા ખાતે આવેલી છે. વાદી કંપનીનો મુખ્ય ધંધો ગ્રાહકોને વીજ પ્રવાહ પહોચાડવાનો છે. આ કામના

પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નોંધાયેલ હોવા છતા આ કામના પ્રતિવાદીના ઘરે ગઈ તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ ચેકીંગ કરવા જતા આ કામના પ્રતિવાદીના ઘર પાસેથી નીકળતી અમો વાદી કંપનીની હળવા દબાણની લાઇનમાં વાયર જોડીને તેમના ઘરમાં પાવર ચોરી કરતા હોવાનું માલુમ પડેલ જેથી અમારા ચેકીંગ સ્કવોર્ડ ના અધિકારીઓએ ચોરી પકડયા બાદ વિગતવાર સ્થળ ઉપર પાવર ચોરી ના લગતા દસ્તાવેજો તૈયાર કરી અને પ્રતિવાદીને રૂ.૩૫,૯૨૦.૯૮ નુ બીલ મોકલાવેલુ. આ કામના પ્રતિવાદી અમારા વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા ગેરકાયદેસર રીતે કનેકશન મેળવી વિજ ચોરી કરેલ છે. જેથી વાદી કંપનીને પ્રતિવાદીને પોતાના વકીલ મારફતે કાયદાનુસાર નોટીસ આપેલી. તેમ છતા પ્રતિવાદીએ સદરહુ બીલની રકમ ભરેલ ન હોય, વાદીએ હાલનો દાવો પાવરચોરીના બીલની રકમ સાથે ડી.પી.એસ. ચાર્જીસની રકમ વસુલ મેળવવા માટે દાખલ કરવાની ફરજ પડેલ છે.

(૨) **<u>પ્રતિવાદીનો જવાબ :-</u>**

સદર ગુનાના કામે પ્રતિવાદીને ધોરણસર સમન્સ નોટીસ બજેલ હોવા છતા પ્રતિવાદી આ કામે હાજર ન થતા સદરહુ દાવાની કાર્યવાહી તેઓની વિરૂધ્ધ **<u>એક તરફી ચલાવવાનો</u>** હુકમ કરવામાં આવેલ.

(૩) **<u>ન્યાયીક નિર્ણય માટેના મુદા :-</u>**

વાદીની દાવા હકીકત ધ્યાને લઈ સદર કામનો ન્યાયીક અંત આણવા સારૂ **આંક-૦૭ થી** નીચે મુજબના મુદા ઘડવામાં આવેલા.

**<u>- :: મુદ્દા ::-</u>**

**(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવામાં જણાવ્યા મુજબની લેણી રકમ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર છે ?**

**(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસેથી લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા વ્યાજ અને કયારથી ?**

**(૩) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?**

**(૪) શું હુકમ અને હુકમનામું ?**

(૪) નીચે જણાવેલ કારણોસર ઉપરોકત મુદાઓના નિર્ણય નીચે મુજબ છે :–

(૧) હકારમાં

(૨) અંશતઃ હકારમાં

(૩) અંશતઃ હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

(૫) વાદી પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા.

<u>–: મૌખીક પુરાવા :–</u>

| ક્રમ | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧ | કલ્પેશભાઇ સામતભાઇ ડાભી નું સરતપાસનું સોગંદનામું | ૦૮ |

<u>–: દસ્તાવેજી પુરાવા :–</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચરોજકામ | ૧૦ |
| ૨ | તપાસણી અહેવાલ | ૧૧ |
| ૩ | એનેક્ષર–૪ | ૧૨ |
| ૪ | કેલ્કયુલેશન શીટ | ૧૩ |
| ૫ | પ્રતીવાદીને આપેલ બીલ | ૧૪ |
| ૬ | પ્રતીવાદીને આપેલ નોટીસ | ૧૫ |
| ૭ | એકનોલીજમેન્ટ | ૧૬ |
| ૮ | પ્રતીવાદીના ખાતાની નકલ | ૧૭ |
| ૯ | એફ.આઇ.આર. ની નકલ | ૧૮ |
| ૧૦ | દાવો દાખલ કરવા માટેનો મંજુરી પત્ર | ૧૯ |

વાદી પક્ષ ધ્વારા ઉપર જણાવ્યા સીવાય અન્ય કોઈ પુરાવો કે સાહેદોની જબાની રેકર્ડ પર લેવામાં આવેલ નથી અને **આંક–૨૦ થી કલોઝીગ પુરશીશ** રજુ કરાયેલ છે. ત્યારબાદ સદરહુ દાવો પ્રતિવાદી વિરૂધ્ધ એક તરફી ચાલેલ હોય વાદીના વિ.વ.શ્રીની દલીલો વિગતે સાંભળવામાં આવેલ છે.

**(૬) <u>પુરાવાનું વિશ્લેષણ :–</u>**

**(૬.૧) <u>મુદા નં. ૧ અને ૨ :–</u>**

**સદર બંને મુદદાઓ એક બીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવા સારૂ બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.**

**વાદીના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે,** વાદીના કર્મચારી જયારે પ્રતિવાદીને ત્યાં ચેકીગ કરવા ગયા ત્યારે તેઓએ પ્રતિવાદીને પાવર ચોરી કરતા રંગે હાથ પકડી લીધેલ છે અને વાદી કંપનીના કર્મચારીઓએ એ.બી.સી.ડી. ફોરમ્યુલા મુજબ પાવર ચોરીના બીલની રકમની ગણત્રી કરેલ છે. કે જે બીલની રકમ ભરવા માટે પ્રતિવાદી જવાબદાર છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, સ્થળ તપાસણી વખતે સ્થળ પંચનામુ કરવામાં આવેલ છે. જે આ કામે રજુ કરાયેલ છે. વાદી પક્ષે તપાસવામાં આવેલ સાહેદ વાદી પક્ષના કેસને સમર્થન આપેલ છે. જેથી વાદીનો દાવો માંગ્યા મુજબ મંજુર કરવો જોઈએ.

**(૬.૨) સદર કામે આગળ વધતા પહેલા સદર અદાલત લાગુ પડતી કાનુની જોગવાઈ અને ન્યાયીક સુધારા વંચાણે લેવાનું ઉચ્ચીત સમજે છે.**

**Indian Evidence Act.**

**Burden of proof.-101**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove

that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person. Illustrations (a)A desires a Court to give judgment that B shall be punished for a crime which A says B has committed. A must prove that B has committed the crime.(b)A desires a Court to give judgment that he is entitled to certain land in the possession of B, by reason of facts which he asserts, and which B denies, to be true. A must prove the existence of those facts.

**Indian Electricity Act 2003**

**Section 126: (Assessment): ---**

(1) If on an inspection of any place or premises or after inspection of the equipments, gadgets, machines, devices found connected or used, or after inspection of records maintained by any person, the assessing officer comes to the conclusion that such person is indulging in unauthorized use of electricity, he shall **provisionally assess to the best of his judgment the electricity charges payable by such person or by any other person benefited by such use.**(2) The order of provisional assessment shall be served upon the person in occupation or possession or in charge of the place or premises in such manner as may be prescribed. [(3) The person, on whom an order has been served under sub- section (2) shall be entitled to file objections, if any, against the

provisional Assessment before the assessing officer, who shall, after affording a reasonable opportunity of hearing to such person, pass a final order of assessment within thirty days from the date of service of such order of provisional assessment of the electricity charges payable by such person.] (4) Any person served with the order of provisional assessment, may, accept such assessment and deposit the assessed amount with the licensee within seven days of service of such provisional assessment order upon him: **(5) If the assessing officer reaches to the conclusion that unauthorized use of electricity has taken place, the assessment shall be made for the entire period during which such unauthorized use of electricity has taken place and if, however, the period during which such unauthorised use of electricity has taken place cannot be ascertained, such period shall be limited to a period of twelve months immediately preceding the date of inspection.** (6) The assessment under this section shall be made at a rate equal to 1[twice] the tariff rates applicable for the relevant category of services specified in sub-section (5). Explanation.- For the purposes of this section,- (a) "assessing officer" means an officer of a State Government or Board or licensee, as the case may be, designated as such by the State Government; (b) "unauthorised use of electricity"

means the usage of electricity – (i) by any artificial means; or (ii) by a means not authorised by the concerned person or authority or licensee; or (iii) through a tampered meter; or 2[(iv) for the purpose other than for which the usage of electricity was authorised; or (v) for the premises or areas other than those for which the supply of electricity was authorized.”]

**(૬.૩) વધુમાં સદર અદાલત નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા નિર્ણીત સબ ડીવીઝનલ ઓફીસર વિ. ધરમપાલ એ.આઇ.આર. ૨૦૦૭ (એસ.સી) ૧૨૧૪ના ચુકાદાનો નિર્ણયાધાર વંચાણે લેવાનું ઉચ્ચીત સમજે છે. જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,**

Inspecting staff finding tampering with meter. Demand for charges payable for actual consumption not inalid for want of reference to electrical Inspector in terms of S.26(6). Tampering with meter is not covered by S. 26(6). AIR 1988 SC 71 (Disting.) case of Modern Terry Tovels Ltd. V. G.E.B. reported in A.I.R. 2003 Guj. 63 is also required to be considered where it is held that :-Theft of energy. Onus to prove fact that meter recording consumption of electricity was located within premises of consumer. Would not relieve consumer to show that he has not committed any theft,

**(૬.૪) તે જ રીતે નામદાર ગુજરાત વડી અદાલતે મોર્ડન ટેરી ટોવેલ વિ. જી.ઈ.બી એ.આઇ.આર.–૨૦૦૩ ગુજરાત ૬૩, ના ચુકાદામાં ઠરાવેલ છે કે,**

Theft of energy. Onus to prove fact that meter recording consumption of electricity was located within premises of consumer. Would not relieve consumer to show that he has not committed any theft,

**(૬.૫) તે જ રીતે નામદાર ગુજરાત વડી અદાલત ધ્વારા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન વિરૂધ્ધ સુરેશ એમ. મહેતા ફસ્ટ અપીલ નં . ૪૬૮૭/૨૦૦૬ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,**

9. For the sake of repetition, it needs to be noted that the plaintiff proved the guarantee deed Exh.35 before the learned trial Court by leading evidence and the evidence as adduced by the plaintiff corporation remained unchallenged by the defendants. In that view of the matter, when proceedings initiated by the plaintiff for recovery of its dues against Guarantors i.e. respondents herein remained unchallenged and uncontroverted, the learned trial Court ought to have passed the decree in favour of the plaintiff and accordingly, we have no option, but to allow present appeal since the learned trial Judge has committed error on law and facts in dismissing the suit.

**(૬.૬)** ઉપરોકત કાનુની જોગવાઈ અને ચુકાદાના પરીપ્રેક્ષ્યમાં જો સદર કામે રેકર્ડ પર આવેલ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, **વાદી પક્ષે આંક–૦૮ થી વાદી સાહેદ કલ્પેશભાઈ સામતભાઈ ડાભી નાઓનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેઓએ વાદી પક્ષના કેસને સંપુર્ણ સમર્થન આપેલ**

**છે.** સદર સાહેદ એ સરકારી સાહેદ છે અને તેઓની પ્રતિવાદી વિરૂધ્ધ અગાઉની કોઇ દુશ્મનાવટ હોવાનું રેકર્ડ પર આવેલ નથી. સદર સાહેદના જણાવ્યા અનુસાર પાવર ચોરી કરવામાં આવી તે જ દિવસે સ્થળ ઉપર તેનું બીલ તૈયાર કરવામાં આવેલ જે **કન્ઝયુમર બીલ ડીટેઇલસ સદર કામે આંક-૧૪ થી** રજુ થયેલ છે. જે વંચાણે લેતા એ સ્પષ્ટ થાય છે કે, આ કામના પ્રતિવાદીએ અનઅધિકૃત રીતે વીજ ચોરી કરેલી. તે જ રીતે **આંક-૧૧ થી વીજ જોડાણ તપાસણી અહેવાલ રજુ થયેલ છે અને આંક-૧૭ થી લેજર કોપી** રજુ થયેલ છે કે જે દર્શાવે છે કે, દાવામાં જણાવેલ તારીખે પ્રતિવાદીએ ગેરકાયદેસરરીતે વીજ ચોરી કરતા પકડાયેલા અને તેઓને **રૂા.૩૫,૯૨૦.૯૮** નું ઇલેકટ્રીક કન્ઝપશન બીલ આપવામા આવેલ. આમ, એ હકીકત પુરવાર થયેલ છે કે, વીજ ચોરીની રકમ વાદી ધ્વારા એ.બી.સી.ડી ફોરમ્યુલા મુજબ એસેસમેન્ટ કરાયેલ છે અને કામના પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ છે. **જેથી મુદા નં. ૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૬.૭) આ કામે રજુ થયેલ આંક-૧૭ થી લેજર કોપી વંચાણે લેતા આ કામના પ્રતિવાદી ને **રૂા.૩૫,૯૨૦.૯૮** નું ઇલેકટ્રીક કન્ઝપશન નુ બીલ આપવામાં આવેલ. તેમાં ડી.પી.સી.ની રકમ **રૂા.૪,૬૬૦.૮૭** ઉમેરવામાં આવેલ મળી કુલ **રૂા.૪૦,૫૮૧.૮૫** ની લેણી રકમ નીકળે છે. વધુમાં આ કામે વાદી તરફે ડી.પી.સી.ની રકમ વસુલવા અંગેનો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામે વાદી પક્ષ તરફે એવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેથી સાબીત થઇ શકે કે વાદી કંપની પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. વસુલવા હકકદાર છે. કાયદામાં એવી કોઇ જોગવાઇ નથી કે જેના લીધે વાદી કંપનીને ડી.પી.સી.નો ચાર્જ વસુલવા હકકદાર બનાવી શકાય. વાદી દવારા ડી.પી.સી. વસુલવા અંગેનો કોઇ નિયમ-કાયદાકીય જોગવાઇ રજુ કરેલ નથી. જેથી અત્રેની

અદાલત એવા તારણ પર આવેલ છે કે વાદી કંપની ડી.પી.સી. વસુલવા હકકદાર નથી. જયાં સુધી વીજ ચોરીની રકમ ઉપર ૨૪% વાર્ષીક વ્યાજ વસુલાત મેળવવા માટે દાદ માંગી છે પરંતુ વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યાજની ટકાવારી બાબતે કોઈ કરાર અસ્તિત્વમાં હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી સી.બી.આઇ. વિ. રેઈન ડ્રોપ ૨૦૦૨ જી.એલ.એચ. ૪૭૪ના ચુકાદાનો નિર્ણયાધારને ધ્યાને લેતા સદર અદાલતનું માનવુ છે કે,**વાદી ૬ ટકાના દરે વાર્ષીક વ્યાજ મેળવવા હકકદાર છે. જેથી મુદા નં. ૨નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે.**

**(૬.૮) <u>મુદા નં. ૩ અને ૪ :–</u>**

ઉપરોકત ચર્ચાના અંતે સદર અદાલતનું માનવું છે કે, આ કામના વાદી પોતાના દાવાની હકીકત અંશતઃ રીતે પુરવાર કરવામાં સફળ ગયેલ હોય અને સદર કામે વીજ ચોરીની ચેકીગ અંગેની તારીખ ધ્યાને લેવામાં આવે તો, તે **તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ નો છે અને વાદીએ હાલનો દાવો તા.૧૦/૦૬/૨૦૨૬ ના દાખલ કરેલ છે. આમ, વાદીનો દાવા લીમીટિશનમાં હોય મુદા નં. ૩નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે અને મુદા નં. ૪ નો ઉત્તર આપવા સારૂ તથા સદર કેસનો ન્યાયીક અંત આણવા સારૂ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

–:: આખરી હુકમ ::–

૧. વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. પ્રતિવાદીને આથી આદેશ આપવામાં આવે છે કે, તેઓએ વાદીને **રૂ.૩૫,૯૨૦.૯૮** વાર્ષીક ૬%ના દરે સદરહુ દાવો દાખલ કર્યા તારીખથી તેની વસુલાત ન થાય ત્યાં સુધીના દિવસે સુધી ચડયે ચડયા ચુકવી આપવાને હુકમ

કરવામાં આવે છે.

૩. પ્રતિવાદીએ પોતાનો તથા વાદીનો ખર્ચ ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ **તા.૧૪ મી માહે ઓગસ્ટ, સને ૨૦૨૬** ના

રોજ ખુલ્લી અદલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

મુકામ : ગીરગઢડા
તારીખ : ૧૪/૦૮/૨૦૨૬
એચ.પી.ચાવડા–સ્ટેનો

(એચ.એમ.વેષ્ણવ)
પ્રિન્સીપાલ સિવિલ જજ, ગીરગઢડા
કોડ નં.જીજે–૦૧૫૩૦